S. J. & E. DEPTT.
10 JAN 2017

વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓ માટે અનામત રાખી શકાય તેવી જગ્યાઓ નક્કી કરવા માટે પેટા તજજ્ઞ સમિતીની પુન:રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૬/૫૩૮૦૪૬/રો-૧
સચિવાલય,ગાંધીનગર.
તા.૩/૦૧/૨૦૧૭

વંચાણે લીધા:- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૦૧/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૯૯/૪૩૦/છ

આમુખ :-

વિકલાંગ ધારા-૧૯૯૫ ની જોગવાઇઓ અનુસાર સરકારી સેવાઓમાં ૩% જગ્યાઓ અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે.આ જગ્યાઓ પર કેવા પ્રકારની વિકલાંગતા (દિવ્યાંગતા) ધરાવતા ઉમેદવારો ચાલી શકે તે નક્કી કરવા આ વિભાગના વંચાણે લીધેલ તા.૧૩/૦૧/૨૦૦૦ના ઠરાવથી નીચે મુજબની પેટા તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.

(૧) અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. -- અધ્યક્ષ
(૨) કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ. - સભ્ય
(૩) અધિક સચિવશ્રી(ક.ગ.),સામાન્ય વહીવટ વિભાગ. - સભ્ય
(૪) નાયબ સચિવશ્રી(સ.સુ.), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.- સભ્ય સચિવ

૨. વિકલાંગ(દિવ્યાંગ)વ્યક્તિઓના કલ્યાણ અને તેમના અધિકારોના રક્ષણ સબંધેની યોજનાઓનો વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી તથા નિયામકશ્રી,સમાજ સુરક્ષા તરફથી અમલ કરવામાં આવે છે,પેટા તજજ્ઞ સમિતિના સભ્ય સચિવ તરીકે નાયબ સચિવ(સમાજ સુરક્ષા)ને નિયુક્ત કરવામાં આવેલ.પરંતુ હાલ પેટા તજજ્ઞ સમિતિ સબંધેની કામગીરી નાયબ સચિવ(રોસ્ટર) તરફથી હાથ ધરવામાં આવે છે,તેથી નાયબ સચિવ (રોસ્ટર) ને સભ્ય સચિવ તરીકે,વિકલાંગો(દિવ્યાંગો)સબંધેની કામગીરી સંભાળતા નાયબ સચિવ(સમાજ સુરક્ષા) નો તથા વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી અને નિયામકશ્રી,સમાજ સુરક્ષાનો સભ્ય તરીકે શમાવેશ કરવો જરૂરી છે.

ઠરાવ:-

૩. કાળજી પૂર્વકની વિચારણા કરીને નીચે મુજબની પેટા તજજ્ઞ સમિતીની પુન:રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. – અધ્યક્ષ

(૨) કમિશ્નરશ્રી, આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ. - સભ્ય

(3) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી. - સભ્ય

(૪) નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/અધિક સચિવશ્રી(ક.ગ.),સામાન્ય વહીવટ વિભાગ. - સભ્ય

(૫) નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/અધિક સચિવશ્રી(સમાજ સુરક્ષા ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ - સભ્ય

(૬) નિયામકશ્રી,સમાજ સુરક્ષા. - સભ્ય

(૭) નાયબ સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/અધિક સચિવશ્રી (રોસ્ટર), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. - સભ્ય સચિવ

પેટા તજજ્ઞ સમિતીએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) ભારત સરકારની અને રાજ્ય સરકારની તથા ખાતાના વડાઓ/બોર્ડ/નિગમો/જાહેર સાહસો હસ્તકની જગ્યાઓ એક સમાન ન હોય ત્યાં સરકારના જે તે વિભાગો અને તેઓ હસ્તકના ખાતાના વડાઓ/બોર્ડ/નિગમો/જાહેર સાહસો હસ્તકની જગ્યાઓની ફરજો /જવાબદારીઓ ધ્યાને લઇ વિકલાંગો (દિવ્યાંગો) માટે જગ્યાઓ નક્કી (IDENTIFY)કરવાની રહેશે

(૨) દરેક વિભાગે તેમના હસ્તકના ખાતાના વડા/બોર્ડ/નિગમો/જાહેર સાહસો હસ્તકની જગ્યાઓમાંથી વિકલાંગો ( દિવ્યાંગો) માટે નક્કી((IDENTIFY) )કરેલ જગ્યાઓની યાદીને મંજૂરી આપવી.

(3) દરેક વિભાગ તથા ખાતાના વડાઓને વિકલાંગો(દિવ્યાંગો) માટે જગ્યાઓ નક્કી કરવા માર્ગદર્શન આપવું.

(૪) વિકલાંગો( દિવ્યાંગો) માટે જગ્યાઓ નક્કી કરવા માટે કોઇ મુશ્કેલી જણાય તો તે અંગે વિચારણા કરી સરકારશ્રીની જરૂરી ભલામણો મેળવવી.

સમિતીનું વડું મથક ગાંધીનગર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Mahesh Patel

( મહેશ પટેલ )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી,(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.) , સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગરના અંગત સચિવશ્રી.

* સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર.

- સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,સેક્ટર ૧૦-એ ગાંધીનગર.
- સચિવશ્રી,પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી ,આરોગ્ય અને તબીબી શિક્ષણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/અધિક સચિવશ્રી(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/અધિક સચિવશ્રી(સમાજ સુરક્ષા) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/અધિક સચિવશ્રી(રોસ્ટર) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી,સમાજ સુરક્ષા, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.-
- વિભાગની સર્વે શાખાઓ.

-સિલેક્ટ ફાઇલ.